GJMR050005682026

દાખલ થયા તારીખ :૧૮/૦૬/૨૦૨૬

નિકાલ થયા તારીખ : ૨૦/૦૮/૨૦૨૬

કુલ સમય ગાળો: વર્ષ માસ દિન

**ટંકારાના મહેરબાન જ્યુડી. મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**

**શ્રી એચ.એચ.વિશ્નોઈ સાહેબની કોર્ટમાં,**

**મુકામ—ટંકારા.**

**આંક—**

ફરીયાદી :— સરકારશ્રી.

**વિરૂધ્ધ**

આરોપી :— ૧. જયંતીભાઈ જીણાભાઈ સિંધવ
રહે. જી.ઈ.બી.પાછળ કલ્યાણપર રોડ,
તા.ટંકારા જી.મોરબી

સરકાર તર્ફે એ.પી.પી.શ્રી એસ.બી.સોલંકી
બચાવ પક્ષ તર્ફે વિ. વ. શ્રી એમ.વી.બારૈયા

ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ—૬૫એએ મુજબ.

**—:: ઠરાવ ::—**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામા ગેરકાયદેસર પાસ—પરમીટ કે આધાર વગર પ્લા.બાચકામા દેશીદારૂની કોથળીઓ નંગ—૩૦ લી.—૬ કિં.રૂ. ૧૨૦૦/— વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવી આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ— ૬૫(એ)(એ) મુજબના ગુનાનો

આરોપ છે. આ કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા છે.આરોપીને કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવી.ત્યારબાદ, ફરીયાદપક્ષના કેસની વિગતે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે, તેથી ફરીયાદપક્ષનો પુરાવો આરોપીની હાજરીમાં નોંધવામાં આવ્યો.

૨. ત્યારબાદ, આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપી નકારાત્મક બચાવ લઈ બચાવના સાક્ષી તપાસેલા નથી કે જુબાની આપેલ નથી અને ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૩. આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ કરેલ છે.

| **સાહેદોના નામ** | **આંક** |
|---|---|
| પંચસાહેદ ઈમરાનભાઈ હાસમભાઈ સુમરાણી | ૦૭ |
| પંચસાહેદ જુબેર આદમભાઈ લઘડ | ૦૯ |
| ત.ક.અ. જસપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા | ૧૦ |

**દસ્તાવેજી પુરાવો**

| **દસ્તાવેજો** | **આંક** |
|---|---|
| પંચનામું | ૦૮ |
| ફરીયાદ | ૧૧ |

**૪.** ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરેલ છે.

**૫.** ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળી તેમજ

બચાવપક્ષે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવી.

૬. ઉપરોકત હકીકતે નીચે મુજબના વિચારણીય પ્રશ્નો મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામા ગેરકાયદેસર પાસ-પરમીટ કે આધાર વગર પ્લા.ના બાચકામા દેશીદારૂની કોથળીઓ નં ગ-૩૦ લી.-૬ કિં.રૂ.૧૨૦૦/- વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવી, ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ- ૬૫(એ)(એ) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત પ્રશ્નોના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**પ્રશ્ન નં.૧,૨ :-**

૯. ફરિયાદપક્ષે આ કામમાં પંચ સાહેદોને તપાસેલા છે આ કામમાં પંચ સાહેદો પોતાની જુબાની દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈપણ રીતે સમર્થન કરતા નથી. તેથી આ કામે પંચનામાને ફકત સહી પુરતો જ આંક આપવામાં આવેલ છે. પંચ સાહેદોની વિસ્તારપૂર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પંરતુ તેમ છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**૧૦.** ફરીયાદી તથા પોલીસ સાહેદનો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ ફરિયાદ તથા તપાસ પ્રક્રિયાને અનુરૂપ પુરાવો આપેલ છે અને ફરીયાદ રજુ થયેલ છે.

**૧૧.** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ત.ક.અમલદાર તથા ફરીયાદીના પુરાવા મુજબ બનાવ સ્થળે આરોપીના કબજામાંથી મુદ્દામાલ દેશી દારુ મળી આવેલ અને તેનું પંચોની હાજરીમાં પંચનામું કરેલ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આ કામના પંચસાહેદોએ સદર પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને પંચનામાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. જેથી પંચસાહેદોની હાજરીમાં આરોપીના કબજામાંથી મુદ્દામાલ દેશી દારુ મળી આવેલ હોય તે હકીકત પંચસાહેદના પુરાવાથી શંકાસ્પદ બને છે. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી. એચ. જે.(૧)** or **LAWS(GJH)-2010-11-33** પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચસાહેદો ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિં. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબ્જામા દેશી દારૂ હાજર મળી આવેલ તેવી હકીકત જણાવેલ છે તે જોતાં આરોપીના સભાન કબજામાંથી મુદ્દામાલ દેશી દારુ મળી આવેલ હોય તેવો સબળ, માની શકાય તેવો પુરતો પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદી તથા ત.ક.અમલદારના

પુરાવાને સમર્થનકર્તા અન્ય કોઈ તટસ્થ સાહેદનો મૌખિક પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષે તરફે એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ આ કામે રજુ થયેલ નથી તે જોતાં પકડાયેલ મુદ્દામાલ કેફી પ્રવાહી હોવાની હકીકત સાબીત થઈ શકતી નથી. આમ, ફરીયાદી તથા ત.ક.અમલદારના પુરાવાથી ગુનાની તપાસની પ્રક્રિયા માત્ર સાબીત થાય છે. એ હકીકત છે કે તમામ પોલીસ સાહેદ છે તેટલા કારણમાત્રથી તેઓનો પુરાવો અવગણી શકાય નહી પરંતુ પોલીસ સાહેદોના પુરાવામાં મુદ્દામાલ દેશી દારુ આરોપીના સભાન કબજામાંથી પકડાયેલ છે તે હકીકત શંકાથી પર સાબીત થવી જોઈએ પરંતુ બનાવ સમયે આરોપી હાજર ન હતા અને પંચસાહેદોએ જ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી ત્યારે મુદ્દામાલ દેશી દારુ પંચોની હાજરીમાં પોલીસે પકડેલ છે તે હકીકત સાબીત થઈ શકતી નથી તેમજ મુદ્દામાલ કેફી પ્રવાહી છે તેવો કોઈ વૈજ્ઞાનિક પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી.

**૧૨.** આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયના હીતમાં ઉચિત જણાતુ નથી. તેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું આક્ષેપિત ગુનાહીત કૃત્ય પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોય આરોપીને નિર્દોષ છોડવા જરૂરી જણાતા હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર

ગુન્હાઓના કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પ્રોહી. દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કો.ક.–૪૩૭ (એ) અન્વયે, આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

સ્થળ–ટંકારા
તા.૨૦/૦૮/૨૦૨૬

**(હર્ષ એચ.વિશ્નોઈ)**
જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ,ટંકારા
**કોડ નં. જીજે ૦૧૬૦૫**

આર.એ.કારેલીયા
(સ્ટેનો)